બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષાના નિયમો બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક:ખતપ-૧૦૨૦૨૧-૫૬૮-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૦૯/૨૦૨૧

વંચાણેલીધા :
(૧) સા.વ.વિ.ના તા.૧૭/૦૨/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:ખતપ-૧૦૦૪-૧૪૭૩-ક

## પરિપત્ર

સરકારી અધિકારીઓ / કર્મચારીઓએ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે નિયત થયેલ સંબંધિત ખાતાકીય પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. જે સંદર્ભે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ(૧) ના ઠરાવથી બઢતી માટેની ખાતાકીય પરીક્ષા અંગેની સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૨. અનુભવે જણાયેલ છે કે હજુ પણ સચિવાલયના વહીવટી વિભાગો હેઠળના કેટલાંક સંવર્ગોમાં બઢતી માટે ઘડાયેલ ખાતાકીય પરીક્ષા નિયમો ઘણાં જુના છે, તેમજ આ ખાતાકીય પરીક્ષા નિયમો ઘણાં જુના હોવાથી તેમાં ખાતાકીય પરીક્ષા સંદર્ભેની પ્રવર્તમાન જોગવાઈઓનો સમાવેશ થયેલ ન હોય તેવી સંભાવના પણ રહેલી છે.

૩. ઉક્ત બાબતને લક્ષમાં લેતાં, નીચે મુજબની સુચનાઓ આથી પુન: પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) જે સંવર્ગોના ભરતી નિયમોમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષા પાસ કરવાની જોગવાઈ ન હોય ત્યાં સંબંધિત ભરતી નિયમોમાં ખાતાકીય પરીક્ષા નિયમોની જોગવાઈ દાખલ કરવા અંગેની કાર્યવાહી સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગોએ તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

(૨) જે સંવર્ગોના ભરતી નિયમોમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષા પાસ કરવાની જોગવાઈ થયેલ છે, પરંતુ બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષા અંગેના નિયમો ઘડવામાં આવેલ નથી, તે સંજોગોમાં આ ખાતાકીય પરીક્ષા નિયમો ઘડવા અંગેની કાર્યવાહી સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગોએ તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

(૩) જે સંવર્ગોમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષા નિયમો ઘડાયેલ છે, અને જો આ ખાતાકીય પરીક્ષા નિયમો ઘણાં જુના હોય કે આ મૂળ ખાતાકીય પરીક્ષા નિયમોમાં ત્યારબાદ ઘણાં સુધારા-વધારા કરવામાં આવેલ હોય તો આ મૂળ ખાતાકીય પરીક્ષા નિયમો અદ્યતન કરી નવેસરથી પ્રસિદ્ધ કરવા અંગેની કાર્યવાહી સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગોએ તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી
- મુખ્યસચિવશ્રીના સંયુક્તસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

- ❖ સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટરસેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN પર સા.વ.વિ./ક-શાખાનાં પરિપત્ર સંગ્રહમાં આ પરિપત્ર અપલોડ કરવા જરૂરી કાર્યવાહી કરવા સારુ.
- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- ❖ એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
- ❖ સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- ❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ❖ રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ❖ સચિવાલયના સર્વે વિભાગો
- ❖ એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- ❖ નાયબ સેકશન અધિકારી- સિલેકટ ફાઇલ
- ❖ સિલેકટ ફાઇલ.

---

➢ પત્ર દ્વારા.